PARLE **MAHOTSAV**

Organiser - **ADV. PARAG ALAVANI,** President, Vile Parle Cultural Centre
2, Amber Palace, Chittaranjan Road, Vile Parle (East), Mumbai 400 057.
Tel.: 26136513, 26177125 • Website : www.parlemahostav.com

PARLE **MAHOTSAV**

**અખબારી યાદી**

# પાર્લે મહોત્સવમાંથી અનેક ચિત્રકાર, કલાકાર ઘડાશેઃ વિકાસ સબનીસ

**મુંબઈ,૨૫ઃ** પાર્લે મહોત્સવ જેવા ઉપક્રમ શહેરમાં યોજાતા રહેવા જોઈએ. તેમાંથી અનેક ચિત્રકાર, કલાકાર ઘડાશે, એવો વિશ્વાસ જ્યેષ્ઠ વ્યંગચિત્રકાર વિકાસ સબનીસે વ્યક્ત કર્યો હતો. મહોત્સવમાં ચિત્રકળા, વ્યંગચિત્ર, રંગોળી સહિત વિવિધ કળા વિભાગની સ્પર્ધાનું ઉદઘાટન થયા પછી તેઓ બોલતા હતા. સ્પર્ધા નિમિત્તે છોકરાઓમાં કળા વિશે મોહ વધે છે અને શીખવા પણ મળતું હોવાથી તેમાંથી કલાકાર ઘડાય છે.

મહોત્સવમાં ચિત્રકળા, વ્યંગચિત્ર, રંગોળીમાં સ્પર્ધકોએ આ વખતે મહિલાઓ પર થતા અત્યાચારની જ્વલંત સમસ્યા બાબતે પોતાની કળાકૃતિમાંથી વાચા આપી હતી. આ જ રીતે અનેક સ્પર્ધકોએ સ્વ. બાળાસાહેબ ઠાકરેને વિવિધ ચિત્રોમાંથી શ્રદ્ધાંજલિ આપી હતી. કલાકૃતિમાંથી સામાજિક વિષયો પર જનજાગૃતિ લાવવાની આપણી પરંપરા રહી હોઈ તેનો યોગ્ય ઉપયોગ કરીને પાર્લે મહોત્સવનું મંચ ઉપલબ્ધ કરી આપ્યું તે બદલ ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર યોગેંદ્ર રાજપુરિયાએ આયોજક એડ. પરાગ અળવણીના વખાણ કર્યા હતાં.

પાર્લે મહોત્સવના ત્રીજા દિવસે ક્રીડા સ્પર્ધાને સારો પ્રતિસાદ મળ્યો હતો. ટેબલ ટેનિસ, ખોકો, યોગા, વોલીબોલ, કબડ્ડી, ક્રિકેટ જેવી સ્પર્ધામાં સારી એવી ભીડ જામી હતી. યોગ સ્પર્ધામાં ૫ વર્ષથી ૬૦ વર્ષના આશરે ૨૫૦ ખેલાડીએ ભાગ લીધો હતો. ટેબલ ટેનિસ સ્પર્ધામાં ૩૦૦ સ્પર્ધકે ભાગ લીધો હતો. આ ૨૧૫ કબડ્ડી ટીમ, ૧૫૦ વોલીબોલની ટીમ, ૨૦૦ ક્રિકેટ ટીમ, ૭૬ ખોખોની ટીમ, ૯૫ ફૂટબોલની ટીમે ભાગ લઈને નવો વિક્રમ બનાવ્યો છે.

ત્રીજા દિવસે ૫૦૦૦ સ્પર્ધકે ભાગ લીધો હતો. આમાંથી ૨૦૦ વિજેતાઓ પુરસ્કારના હકદાર બન્યા હતા. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જયંતીનું નિમિત્ત સાધીને સર્વ વિજયી સ્પર્ધકોને રોકડ રકમ, ટ્રોફી સાથે સ્વામી વિવેકાનંદ પરનાં પુસ્તકો પણ અપાયાં હતાં, એમ અળવણીએ જણાવ્યું હતું. આ સમયે નિલેશ બાગવે, નગરસેવિકા જ્યોતિ અળવણી, વિજય આમ્રે, અંજલિ જીન્સીવાલે સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---

**નોંધઃ આ પત્રક શ્રી ચરણજિત સિંહ સંધુ, સહઆયોજક પાર્લે મહોત્સવ દ્વારા પ્રસિદ્ધ કરાયું છે.**